*This Question Paper contains 8 printed pages.*
***(Sections - A, B, C & D)***

Sl.No. 130439

# 13(G)

**(MARCH, 2020)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 80***

**સૂચનાઓ :**

1) **સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.**

2) **આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D તથા 1 થી 29 પ્રશ્નો છે.**

3) **બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.**

4) **પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.**

5) **સૂચના પ્રમાણે આકૃતિઓ સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.**

6) **નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.**

## વિભાગ – A

**(ગદ્ય વિભાગ)**

1) **નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને લખો.** **[3]**

| 'અ' (કૃતિ) | 'બ' (કર્તા) |
|---|---|
| 1) પ્રયાણ | (અ) કૃષ્ણલાલ શ્રીધરાણી |
| 2) ઝબક જ્યોત | (બ) રવીન્દ્રનાથ ટાગોર |
| 3) પ્રાણનો મિત્ર | (ક) દુલેરાય કારાણી |
| | (ડ) રમણભાઈ નીલકંઠ |

**2) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ) [3]**

1) કંચનમાસીના પગના વા માટે કાન્તિને શું સાંભરી આવ્યું?

2) ભદ્રંભદ્ર 'મુંબઈ' માટે કયો શબ્દ પ્રયોજે છે?

3) સહકારી મંડળીની સ્થાપના અંગેના વિચારબીજનું વાવેતર કરનાર કોણ હતા?

**3) નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો. (દરેકના 2 ગુણ) [6]**

1) લેખક તથા તેમના મિત્રોને સિક્યોરિટી ઑફિસરે શું સમજાવ્યું?

2) 'સૂરજ તો બધે જ સરખો' ના લેખકે વિવિધ વાનગીઓ માટે વાપરેલ વિશિષ્ટ શબ્દો જણાવો.

3) દીપક કેવી રીતે ઘવાયો?

અથવા

3) જેઠીબાઈના કારખાનાનો માલ કયા કયા દેશમાં જતો હતો?

**4) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (દરેકના 4 ગુણ) [8]**

1) બલાઈ કયું વૃક્ષ ન કાપવાની વિનંતી કરે છે? શા માટે?

અથવા

1) 'ટિફિન' લઘુકથાનું હાર્દ સમજાવો.

2) 'શરણાઈના સૂર' કૃતિના આધારે વિદાય લઈ રહેલી જાનનું વર્ણન કરો.

## વિભાગ – B

### (પદ્ય વિભાગ)

5) **નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને લખો.** [3]

| 'અ' (કૃતિ) | 'બ' (પ્રકાર) |
|---|---|
| 1) જીવમાં જીવ આવ્યો | (અ) લોકગીત |
| 2) ક્યાં રે વાગી | (બ) પ્રાર્થના |
| 3) મોરલી | (ક) સૉનેટ |
| | (ડ) પદ |

6) **નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ)** [3]

1) મીરાંબાઈનાં પદમાં કોના પ્રત્યેનો પ્રેમ અને ભક્તિ સદા દેખાય છે?

2) 'જીવન અંજલિ થાજો' કૃતિના કર્તાનું નામ જણાવો.

3) 'જીવમાં જીવ આવ્યો' કૃતિમાં શેનું વર્ણન છે?

7) **નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો. (દરેકના 2 ગુણ)** [6]

1) કવિ નિરંજન ભગતના મતે પ્રત્યેક વ્યક્તિના હાથમાં શું શું છે?

2) 'દીવાનખાનામાં' કાવ્યના અંતે નાયિકા કેવો મનોભાવ અનુભવે છે?

3) 'શ્રીકૃષ્ણની મોરલીનો જાદુ અનેરો હતો.' – આ વિધાન 'ક્યાં રે વાગી' કાવ્યના આધારે કઈ રીતે સાચું છે?

અથવા

3) 'અમને નાખો જિંદગીની આગમાં' મુક્તકમાં સાચો યુવાન કેવો સંઘર્ષ ઝંખે છે?

8) **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (દરેકના 4 ગુણ)** **[8]**

1) એવો કયો કાવ્ય પ્રકાર છે કે 'રદીફ' અને 'કાફિયા' તેનાં મુખ્ય અંગો છે અને જેમાં હૃદયને સ્પર્શે તેવા ભાવ વણાયેલ હોય? તમારા પાઠ્યપુસ્તકમાં આવી કઈ રચના છે? તેમાંથી આપણને શું શીખવા મળે છે?

અથવા

1) 'પિંજરાનું બારણું ખોલીને ...........' માં વ્યક્ત થતી વેદના વર્ણવો.

2) 'મારે કશાનું કામ ના, ..........' એમ કવિ શા માટે કહે છે?

## <u>વિભાગ – C</u>

**(વ્યાકરણ વિભાગ)**

- **માગ્યા પ્રમાણે પ્રશ્નોના ઉત્તર લખો.(દરેકનો 1 ગુણ)** **[16]**

9) નીચેનામાંથી કયો શબ્દ 'કોપ' શબ્દનો સમાનાર્થી છે? **[1]**

(A) છૂપું

(B) ગુસ્સો

(C) સાપ

10) નીચેનામાંથી સમાનાર્થી શબ્દનું કયું જોડકું ઉચિત નથી? **[1]**

(A) જરીક - થોડુંક

(B) દૂધ - દુગ્ધ

(C) ઉષ્મા - હામ

11) 'નિર્બળ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધીને લખો. [1]

(A) સબળ

(B) બળ

(C) નિર્દય

12) નીચે વિરુદ્ધાર્થી શબ્દનાં જોડકાં આપ્યાં છે, તેમાં કયું જોડકું ઉચિત નથી? [1]

(A) પાપ × પુણ્ય

(B) સ્મૃતિ × સ્મરણ

(C) અંધકાર × ઉજાસ

13) નીચેનામાંથી કઈ જોડણી સાચી છે? [1]

(A) વીસાદ

(B) વિશાદ

(C) વિષાદ

14) .........ના રંગાટકામના હુન્નરમાં કચ્છનો મોટો ફાળો હતો. [1]

(A) ભરત

(B) ભારથ

(C) ભારત

15) નીચેનામાંથી 'ગિરીશ' શબ્દની કઈ સંધિ યોગ્ય રીતે છોડેલી છે? [1]

(A) ગિરી + ઈશ

(B) ગિર + ઈશ

(C) ગિરિ + ઈશ

16) નીચેનામાંથી કયો સમાસ દ્વન્દ્વ છે? [1]

(A) માનપાન

(B) મનગમતી

(C) કર્મનિષ્ઠ

17) 'જીવમાં જીવ આવવો' – રૂઢિપ્રયોગનો અર્થ આપો. [1]

18) 'નવરો બેઠો નખ્ખોદ વાળે' – કહેવત સમજાવો. [1]

19) 'સુહાગણોએ વિદાયગીતો ગાયાં.' – કર્મણિવાક્ય બનાવો. [1]

20) 'મેં નિબંધ લખ્યો.' – પ્રેરક વાક્ય બનાવો. [1]

21) 'શ્રદ્ધા કેરો દીપક મારો નવ કદીયે ઓલવાજો!' – રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો. [1]

22) નીચેનામાંથી અવિકારી વિશેષણ શોધીને લખો. [1]

(A) મોટું

(B) લીલો

(C) શીતલ

23) દરેક જણ બધું જ ખાઈ જાય ડિશમાં એક દાણોય છાંડે નહિ યોગ્ય વિરામચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો. [1]

24) વાક્યમાં ક્યું વિરામચિહ્ન જોડમાં વપરાય છે? [1]

(A) અલ્પવિરામ

(B) અવતરણ ચિહ્ન

(C) ઉદ્ગાર ચિહ્ન

## વિભાગ – D

### (અર્થગ્રહણ/લેખન વિભાગ)

25) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [4]

''પુસ્તક આધુનિક માનવીને આનંદ આપનાર સૌથી ઉમદા અને સૌથી શિષ્ટ સાધન છે. તેનો આનંદ અનેરો હોય છે. પુસ્તકની પ્રશસ્તિ કરીએ એટલી ઓછી. માણસને એની એવી મહોબ્બત છે કે પુસ્તક સાથે તે હસે છે, રડે છે, ઉદાસ થઈ જાય છે, આનંદ પામે છે. પુસ્તકની હાજરીમાં પોતાની જાત સાથે વાતો કરવા લાગે છે. અને પોતાની જાતને ક્યારેક તો માત્ર પુસ્તક પાસે જ તે ખુલ્લી કરે છે. પુસ્તક માનવીને માટે દિલોજાન દોસ્ત છે. પુસ્તક એક વિસ્મયકારક વસ્તુ છે. તેને ભૌતિક શરીર હોય છે. અને તેને આત્મા પણ હોય છે. વિચારો, લાગણીઓ, ધબકારા, જ્ઞાન, માહિતી કંઈ કેટલુંય સંયોજિત થઈને તેમાંથી પુસ્તક બને છે. તેની સાથે તમે વાતો કરી શકો છો, સફર કરી શકો છો. દીવાની પાસે એકલા બેઠા હોઈએ અને સાથે પુસ્તક હોય એના જેવો આનંદ દુનિયામાં એકેય નથી.''

–મોહમ્મદ માંકડ

26) આપેલા મુદ્દાઓ પરથી વાર્તા લખો. અને તેમાંથી મળતો બોધ લખી તેને શીર્ષક આપો: [4]

મુદ્દા :- એક સાંકડો પુલ – બે કૂતરાઓનું સામસામું આવવું – બંને ઝઘડાળું – બંનેનું ઝઘડવું – નદીમાં પડવું – એ જ પુલ પર બે બકરીઓનું સામસામું આવવું – બંને સમજદાર – એક બકરીનું બેસવું અને બીજી બકરીનું તેના પરથી પસાર થવું – બોધ.

27) તમારી શાળામાં 'જળસંચય – જળ બચાવો સપ્તાહ' ઉજવવામાં આવ્યું હતું. તે પ્રસંગને આલેખતો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો. [4]

28) નીચે આપેલી પંક્તિઓનો વિચાર-વિસ્તાર કરો. [4]

પૈસા ને વળી પદવીનો, વિશેષ શો વિશ્વાસ;

રાવણ કેરી સિદ્ધિ પણ, પળમાં પામી નાશ.

અથવા

28) આચાર એ જ પ્રચારનું શ્રેષ્ઠ માધ્યમ છે.

**29) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે 200 શબ્દોમાં નિબંધ લખો.** **[8]**

પ્રદૂષણ – એક ગંભીર સમસ્યા

(પ્રસ્તાવના – પ્રદૂષણનાં કારણો – પ્રદૂષણની માઠી અસરો – પ્રદૂષણ અટકાવવાના ઉપાયો – ઉપસંહાર)

અથવા

હાય રે! મોંઘવારી!

(પ્રસ્તાવના – ભારતનો ભવ્ય ભૂતકાળ – મોંઘવારી વધવાનાં કારણો – માનવજીવન પર મોંઘવારીની અસર – મોંઘવારી વધતી અટકાવવાના ઉપાયો – ઉપસંહાર)

અથવા

મારા આદર્શ મહાત્મા ગાંધી

(પ્રસ્તાવના – ગાંધીજીનો પરિચય – મારા આદર્શ હોવાનું કારણ – તેમનાં જીવન મૂલ્યો અને જીવનમંત્ર–સ્વતંત્રતા આંદોલનમાં તેમની ભૂમિકા – આપણા રાષ્ટ્રપિતા – ગાંધીજીના વિચારોનું આજના સમયમાં મહત્ત્વ – ઉપસંહાર)